Civil Services (Main)
Examination, 2026

KVMS-U-GJT

# ગુજરાતી / GUJARATI

## પેપર I / Paper I

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| સમય મર્યાદા : **ત્રણ** કલાક | મહત્તમ ગુણ : **250** |
| *Time Allowed : **Three** Hours* | *Maximum Marks : **250*** |

---

## પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

***પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :***

અહીં **બે વિભાગમાં આઠ** પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી **પાંચ** પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો **એક** પ્રશ્ન પસંદ કરી અન્ય **ત્રણ** ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

## Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

---

## SECTION A

**Q1. આશરે 150 શબ્દોમાં સમીક્ષાત્મક નોંધ લખો :** *10×5=50*

(a) માન્ય ગુજરાતી ભાષાના અનુનાસિકો અને તેનાં વ્યાવર્તક લક્ષણોની ચર્ચા કરો. *10*

(b) જૈન સાહિત્ય પરંપરાની વિશિષ્ટતાઓ જણાવો. *10*

(c) ઝવેરચંદ મેઘાણીની વાર્તાકળાના વિશેષો નોંધો. *10*

(d) ગુજરાતી કાવ્યક્ષેત્રે નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાએ કરેલા પ્રદાનને મૂલવો. *10*

(e) ચરોતરી બોલી અને સુરતી બોલીની ઉચ્ચારણગત અને શબ્દગત વિશેષતાઓ જણાવો. *10*

**Q2. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) ગુજરાતી ભાષાના ઉદ્‌ભવ-વિકાસની વિવિધ ભૂમિકાઓમાં થયેલાં ધ્વનિ પરિવર્તન, રૂપ પરિવર્તન અને શબ્દભંડોળમાં થયેલાં પરિવર્તનો જણાવો. *20*

(b) ગાંધીયુગીન નાટ્યક્ષેત્રે ચંદ્રવદન ચી. મહેતાના પ્રદાનને મૂલવો. *20*

(c) ચુનીલાલ મડિયાના નવલિકા સર્જનને સદૃષ્ટાંત ચર્ચો. *10*

**Q3. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) મધ્યકાલીન સગુણ-નિર્ગુણ ભક્તિ પરંપરાના મુખ્ય કવિઓના પ્રદાનને આલેખો. *20*

(b) સુધારકયુગના સાહિત્યની મુખ્ય લાક્ષણિકતાઓના સંદર્ભે નર્મદ-દલપતના ગદ્યસર્જનની સમીક્ષા કરો. *20*

(c) વાક્યના પ્રકારો દર્શાવીને કર્તરિ, કર્મણિ અને ભાવે પ્રયોગ ઉદાહરણ સહિત સમજાવો. *10*

**Q4. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) ચંદ્રકાન્ત બક્ષીની સર્જકપ્રતિભાના નવોન્મેષો સદૃષ્ટાંત સમજાવો. *20*

(b) રમણભાઈ નીલકંઠના સાહિત્યિક પ્રદાનની ચર્ચા કરો. *20*

(c) મધ્યકાલીન કવિઓના સાહિત્યમાં લૌકિક પરંપરાના થયેલા વિનિયોગની સાધાર ચર્ચા કરો. *10*

## SECTION B

**Q5. આશરે 150 શબ્દોમાં ઉત્તર આપો :** *10×5=50*

(a) લલિત નિબંધના સ્વરૂપ વૈશિષ્ટ્ય સંદર્ભે કાકાસાહેબ કાલેલકરની નિબંધસૃષ્ટિનો પરિચય કરાવો. *10*

(b) ગુજરાતી ગઝલક્ષેત્રે રાજેન્દ્ર શુક્લ અને મનોજ ખંડેરિયાના પ્રદાનનું મૂલ્યાંકન કરો. *10*

(c) લોકનાટ્ય 'ભવાઈ'ની વિશેષતા સમજાવી 'ભવાઈ'ના વેશોમાં રહેલી વિવિધતા સમજાવો. *10*

(d) ગુજરાતી ગીતનું સ્વરૂપ સમજાવી તેનાં સ્થિત્યંતરો નોંધો. *10*

(e) પદ્યવાર્તા સ્વરૂપસંદર્ભે શામળની 'સિંહાસનબત્રીશી' કૃતિનું મૂલ્યાંકન કરો. *10*

**Q6. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) આધુનિક નાટક સ્વરૂપ સંદર્ભે નાટ્યકાર લાભશંકર ઠાકર (લા.ઠા.)નાં નાટકોની ચર્ચા કરો. *20*

(b) ગુજરાતી નવલકથાક્ષેત્રે વસ્તુસામગ્રી અને રચનારીતિમાં આવેલાં પરિવર્તનો સંદર્ભે મુખ્ય ચાર નવલકથાકારના પ્રદાનની સમીક્ષા કરો. *20*

(c) નરસિંહ મહેતા અને મીરાંબાઈનાં આત્મચરિત્રાત્મક પદોને સદૃષ્ટાંત આલેખો. *10*

**Q7. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) ગુજરાતી ટૂંકીવાર્તાના સ્વરૂપ અને વિકાસમાં નારીસર્જકોના યોગદાનની સાધાર ચર્ચા કરો. *20*

(b) ગુજરાતી આખ્યાનના સ્વરૂપની ચર્ચા કરી કવિ પ્રેમાનંદે આખ્યાનક્ષેત્રે કરેલા પ્રદાનની સદૃષ્ટાંત ચર્ચા કરો. *20*

(c) 'સૉનેટ' સ્વરૂપની વિશિષ્ટતાઓ દર્શાવી તેના પ્રકારો જણાવો. *10*

**Q8. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) ગુજરાતી વિવેચનના આધુનિક પ્રવાહને નોંધીને કોઇ પણ બે વિવેચકના પ્રદાનની સવિસ્તર સમીક્ષા કરો. *20*

(b) લોકસાહિત્યક્ષેત્રે થયેલાં મુખ્ય સંશોધનકાર્યનો પરિચય કરાવો. *20*

(c) 'રાસ' સ્વરૂપ સંદર્ભે 'રેવંતગિરિરાસુ' કૃતિનો આસ્વાદ કરાવો. *10*